| | | |
|---|---|---|
| वर्ष : १३ | सने : २०१९ | सं.२०७५ |
| अंक : ३, | સળંગ અંક-૮૮ | अषाढ-जुलाई |

**Published on Date 22 every month**

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૩ સને ૨૦૧૯ સં.૨૦૭૫

અંક : ૩ જુલાઈ / અષાઢ સળંગ અંક-૮૮





**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978





**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**



**આ અંકમાં.....**



- ★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે
- ★ મૂર્ખના આઠ ગુણો
- ★ મૂર્ખનું કોઈ ઔષધ નથી
- ★ આ અંકની લઘુકથા
- ★ અનુમોદનાનો અમૃતથાળ



## આર્ષવાણી

**नारीणां पितुरावासे,**

**नराणां श्वसुरालये ।**

**एकस्थाने यतीनां च,**

**वासो न श्रेयसे भवेत् ।।**

સ્ત્રીનો આવાસ પિતાને ત્યાં, પુરુષ (જમાઈ)નો આવાસ સસરાના ગૃહે અને યતિ - સાધુજનોનો આવાસ એક જ ઠેકાણે અહિત કરનારો થાય છે.

રાજાની આજ્ઞાનો ભંગ, ગુરુભગવંતનું - વડીલોનું અપમાન અને સ્ત્રીઓનો પતિ પર ગુસ્સો : આ ત્રણે શસ્ત્ર વગરનો વધ ગણાય છે.



## ★ પૂજ્યપાદ ગુરુદેવશ્રીજીની કલમે ★★★

**"માનવ મોટો છે, એટલે મૃત્યુ એની વાટ જોઈને ઊભું રેહવાનું નથી. મૃત્યુની ગાડી તો રાત - દિવસ ચાલ્યા જ કરે છે. જે એના ઝપાટામાં આવે તેને ઉપાડતી જાય. જગતમાં ચાલતી ગાડી મોટા માણસની શરમ ખાતર કદાચ થંભાવી શકાય... મૃત્યુની ગાડીને ગમે તેવો સત્તાધીશ પણ ન જ થંભાવી શકે. તમારો પૈસો - સત્તા મૃત્યુની ગાડીને એક સેકંડ પણ ન રોકી શકે."**

**- પૂ. ગુરુદેવ આ.ભ.શ્રીમદ્વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

જન્મની સાથે તાણા - વાણાની જેમ વણાયેલું મૃત્યુ. રાતની પાછળ દિવસ અને દિવસની પાછળ રાતની જેમ, જન્મની પાછળ અવશ્ય ઘટનારી ઘટના એટલે મૃત્યુ ! તમારી વર્તમાન અવસ્થાને મિટાવનાર છે મૃત્યુ !

ધનવાન હોય કે નિર્ધન, સત્તાનશીન હોય કે પદ પર પ્રતિષ્ઠિત, સજ્જન હોય કે દુર્જન, બુદ્ધિશાળી હોય કે બુદ્ધુ, સ્વાર્થી હોય કે પરમાર્થી, સંસારી હોય કે સાધુ - સંત, દેવ હોય કે અસુર, રાક્ષસ હોય કે ભૂત, રાત - દિવસનું સ્વરૂપ બતાવનાર સૂર્ય હોય કે ચન્દ્ર, પિતા હોય કે પુત્ર, માતા હોય કે પુત્રી, સાસુ હોય કે વહુ, ભિખારી હોય કે દાતા, જ્ઞાની હોય કે અજ્ઞાની, શેઠ હોય કે નોકર, ચોર હોય કે શાહુકાર, એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય.... બધાને એક સરખો ન્યાય આપનાર આ મૃત્યુ... અત્યંત ન્યાયી કાર્ય કરે છે. મૃત્યુને કર્મગ્રંથની પરિભાષામાં શું કહેવાય ? વર્તમાન જીવનના આયુષ્યનો અંત ! કર્મસત્તા ન્યાયપૂર્વક ચાલે છે.

આ આયુષ્ય પુણ્યરૂપ પણ છે અને પાપસ્વરૂપ પણ છે. પુણ્યની ૪૨ પ્રકૃતિમાં દેવાયુ - મનુષ્યાયુ અને તિર્યંચાયુને મૂક્યાં છે. નરકાયુને ૮૨ પાપપ્રકૃતિમાં ગોઠવેલ છે. આયુષ્ય પૂરું થાય તે ઈષ્ટ ન હોય તે પુણ્યસ્વરૂપ, જ્યાં જલદી આયુષ્ય પૂરું થાય તેવી ઈચ્છા સતત થયા કરે તે પાપસ્વરૂપ ગણાય છે. નારકી જીવો ક્ષણે ક્ષણે મરવાની ભાવનાવાળા હોવા છતાં નિકાચિત ને નિરુપક્રમ આયુષ્ય હોવાથી ઈચ્છા પ્રમાણે મરાતું નથી.

જે મૃત્યુ ઈન્દ્રને કે શ્રીતીર્થંકર ભગવંતને ન છોડે તે સામાન્ય માનવને તો ક્યાંથી છોડે ? વધુ જીવવાની ભાવનાવાળા દેવો કે ઈન્દ્રોને ય આ મૃત્યુ સતાવે છે. દેવલોકમાં તે જીવોને મૃત્યુની આગાહી છ મહિના પૂર્વે મળી જાય છે. એ આગાહી મળતાં જ મોટા ભાગના દેવો - દેવીઓ દુઃખથી પીડાય છે. વેદનામાં વધારો થાય છે. કારણ, આ સ્થાન, આ ભવ છોડવાની ઈચ્છા તેમને હોતી નથી. દેવો જ્યાં જવાના છે તે માનવ કે તિર્યંચની ગતિમાં આવનારી - મળનારી પીડાઓનો તેમને ખ્યાલ છે. ઔદારિક અને વૈક્રિયકાયા વચ્ચેનો તફાવત તેઓ સારી રીતે જાણે છે. (હા, આમાં સમક્તિદૃષ્ટિ વગેરે કેટલાક જીવો અપવાદરૂપ છે.)

મૃત્યુને કેટલાક લોકો યમરાજ (જે વાસ્તવિક દક્ષિણ દિશાનો લોકપાલ કે દિક્પાલ ગણાય છે.)કહે છે. યમરાજ માનવને ઉપાડી ગયો એમ જગતમાં બોલાય છે. અલબત્ત, યમરાજ પણ એક દેવજાતિનો જીવ છે, જે પોતે પણ મરવાનો જ છે. બીજાને મારવાની એની પાસે શું તાકાત ? જગત ગમે તેને કારણરૂપ માનતું હોય પરંતુ આયુષ્યકર્મની દોરી તૂટ્યા વગર નાના - મોટા કોઈ પણ જીવને મારવાનું સામર્થ્ય કોનું છે ? હકીકતમાં તો કીડીનેય મારવાનું સામર્થ્ય કોનું છે ? અથવા તેને બચાવવાની શક્તિય કોની પાસે છે ?

તમે મને બચાવી લીધો.... તમે મારી રક્ષા કરી.... વગેરે ભાષા તો વ્યવહાર પ્રધાન છે. નિમિત્તને આગળ કરનારી છે. બાકી તો પોતાના બળવાન આયુષ્યના યોગે જ તે બચી ગયો હોય છે. વ્યવહારને મહત્ત્વ આપવા માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે 'તમે બચાવ્યો' વગેરે વાક્ય - પ્રયોગ થાય છે. ક્યારેક કોઈપણ વ્યક્તિના પુરુષાર્થ વગર મૃત્યુના મુખમાંથી બચી જાય ત્યારે 'ભાગ્યથી બચી ગયો' અથવા 'રામ રાખે તેણે કોણ ચાખે ?' ' ભાગ્યશાળીને ભૂત રળે' 'પુણ્યથી બાલ - બાલ બચી ગયો... શૂળીનો ઘા સોયથી ટળી ગયો' જેવી કહેવતોનો આધાર લેવાતો હોય છે. આ ભાગ્ય - પુણ્ય વગેરે ગમે તે શબ્દો વાપરો છેવટે તે અનુકૂળ - શુભ કર્મ જ છે.

મૃત્યુને ક્યારેય, કોઈપણ ભેદ-ભાવ હોતો નથી. એ તો પોતાની માત્ર ફરજ બજાવે છે. પોતાનું કર્તવ્ય અદા કરે છે. અલબત્ત, આય વ્યવહાર ભાષા જ છે. મૃત્યુની ગાડી સતત ચાલ્યા જ કરે છે. હંમેશા કાર્યરત છે. રાત - દિવસનો ભેદ પણ તેને નથી. સમયનું પાલન તે બરાબર કરે છે. ચૌદરાજલોકની સુવિશાળ દુનિયાના કોઈપણ ખૂણામાં હોય પરંતુ તેનું આયુષ્ય પૂર્ણ થતાં જ નવા સ્થાને તેને પહોંચાડવાનું કાર્ય આ મૃત્યુ કરે છે. મળેલા દ્રવ્યપ્રાણથી જીવને વિખુટો પાડવો તેનું નામ 'મોત' છે. મોત એટલે જીવનું - આત્માનું મૃત્યુ નહીં.... આત્મા તો ક્યારેય મરતો જ નથી, શાશ્વત છે. આત્માનું મોત માનવામાં આવે તો આત્માની ઉત્પત્તિ માનવાની આપત્તિ આવશે. જગતમાં આત્માઓની સંખ્યામાં ક્યારેય વધઘટ થતી જ નથી. હા, સંસારી જીવ મટી સિદ્ધનો જીવ થતાં સંસારમાં તેટલી જીવોની સંખ્યા ઘટે તે વાત માન્ય છે. પરંતુ ટોટલ જીવો તો એટલા જ રહેવાના. માત્ર પર્યાયો બદલાયા કરે છે. હજી આગળ વિચારીએ તો જગતમાં છ જ દ્રવ્યો છે. તેમાં પણ ક્યારેય વધઘટ થતી નથી. પર્યાયાન્તર થવાના કારણે હાનિ - વૃદ્ધિ જણાય છે.

જેમ ઉપકાર જણાવવા માટે તમે મને બચાવી લીધો.... આ ભાષા વપરાય છે. તેમ અમુક વ્યક્તિએ અમુક વ્યક્તિને મારી નાખી વગેરે ભાષાનો પ્રયોગ થાય છે. તે પણ નિશ્ચય દૃષ્ટિથી તદ્દન ખોટો નથી. મરણ થવાનું જ હતું પરંતુ નિમિત્ત



બનનાર દોષિત - ગુનેગાર ગણાય છે. જગતના રાજ્યાદિમાં ચાલતા કાયદા મુજબ પણ એ સજાપાત્ર ગણાય છે. તેથી એ જીવ હિસંક છે - આવો વાક્યપ્રયોગ થાય છે.

જગતમાં ચાલતાં વાહનોને કોઈ પણ વ્યક્તિ કદાચ અટકાવી શકે. ટ્રેન હોય તો તેને ગાર્ડ કે રેડ સિગ્નલ અટકાવી શકે. સાંકળ ખેંચીને પણ ઊભી રાખી શકે. આમાં મોટા માણસની પણ જરૂર નથી. સામાન્ય ગણાતો પેસેન્જર - મુસાફર પણ આ કાર્ય કરી શકે. તે જ રીતે પ્લેનને પણ અટકાવી શકાય... અધવચ્ચે લેન્ડ કરાવી શકાય... કોઈ માનવ સત્તા કે પૈસાના જોરે પણ આવાં વાહનોને અટકાવી શકે અથવા નિરધારિત સમય કરતાં મોડું પણ ઉપડાવી શકે.... તમામ વાહનો માટે આ શક્ય છે પરંતુ મૃત્યુ નામની અનવરત ચાલતી ગાડીને જગતનો કોઈપણ શહેનશાહ ન અટકાવી શકે. અરે ! અટકાવાની વાત તો બાજુ પર મૂકો... એની ઝડપ - વેગમાં પણ ફેરફાર ન કરાવી શકે ! એ મૃત્યુ - ગાડી તો પોતાની નિરધારિત ઝડપે જ ચાલે છે. એની રફતારમાં કોઈ જ આડે ન આવી શકે.

જગતની ભાષા પ્રમાણે વાત કરીએ તો મૃત્યુ - યમરાજ લેવા આવે ત્યારે ગમે તેટલી લાંચ - લાલચ આપો.... ગમે તેટલી વિનંતિ - આજીજી કરો... એના પગમાં પડો તોય કાચી સેંકડ પણ એ રોકાય ? વિનાવિલંબ એ ઉપાડી જ જાય. આખું જગત ભેગું થઈનેય એને ન અટકાવી શકે... આવું સામર્થ્ય એનું છે. આ સામર્થ્ય જાણીને; એ લેવા નથી આવ્યો ત્યાં સુધી પરલોકને ઉજ્વળ બનાવનાર ધર્મને શરણે ચાલ્યા જવા જેવું છે. સદ્ધર્મ જ એમાંથી બચાવી શકે. યમરાજ ઉપર વિજય પ્રાપ્ત કરવો હોય તો ધર્મરાજ જ સમર્થ છે. ધર્મરાજ કાયમ માટે મૃત્યુથી છુટકારો મળી જાય એવી અજન્મા અવસ્થાને પ્રાપ્ત કરાવે છે. જે જન્મ જ નથી લેતો.... તેને કોણ મારી શકે ? કારણ, જન્મ એ ગુનો છે ને મૃત્યુ એની સજા છે. ગુનેગારને વહેલી કે મોડી સજા તો થવાની જ છે. સજાથી બચવું એ આપણા હાથની વાત નથી. ગુનાથી બચવું એ આપણા હાથમાં છે. ગુનો ન કર્યો હોય તો કોઈની તાકાત નથી કે સજા કરી શકે. જેમ અજન્મા અવસ્થાની પ્રાપ્તિ કરનાર સિદ્ધભગવંતોને મોતની સજા કોઈ કરી શકે ?

આપણે પણ ગુનારહિત અને સજારહિત અવસ્થાને પ્રાપ્ત કરાવનાર ધર્મરાજાના શરણે રહી યમરાજને કાયમ માટે 'માત' આપીએ; એ જ મંગલ કામના.

- વિજયભવ્યદર્શનસૂરિ ધ

## ★ મૂર્ખના આઠ ગુણો (!?!) ★★★

**- શ્રીધર્મમિત્ર**

દુનિયામાં રહેલા જીવો હોય કે જડપદાર્થો દરેકમાં તેના તેના ગુણો હોય છે. તેને

ધર્મ - સ્વભાવ પણ કહેવાય છે. ચરાચર વિશ્વમાં કોઈ પણ પદાર્થ ધર્મ વગરનો નથી. સ્વભાવને ગુણ પણ કહેવાય છે. જ્ઞાની - અજ્ઞાની, ડાહ્યા - મૂર્ખ, સજ્જન - દુર્જન, સાધુ - ગૃહસ્થ, શ્રીમંત - ગરીબ, કંજુસ - ઉદાર, સ્ત્રી - પુરુષ, બાળક - યુવાન - વૃદ્ધ, યોગી - ભોગી - રોગી, ડૉક્ટર - વકીલ - એન્જીનિયર... આ સૌના પોતાના સ્વતંત્ર ગુણો - સ્વભાવ - ધર્મો હોય છે. એ જ તેમની ઓળખ છે. આ ઓળખને જ ગુણ તરીકે અહીં વર્ણવવામાં આવ્યા છે.

બાગનો ગુણ છે શીતલતા - સૌરભ. ગટર - ઉકરડાનો સ્વભાવ છે, દુર્ગંધ - અશુચિ... આમ તે તે વસ્તુના સ્વભાવને ધર્મ કહેવાય છે. અહીં મુખ્યત્વે મૂર્ખના સ્વભાવની ઓળખ આપી છે. આ ઓળખને લક્ષણો પણ કહેવાય. આવા લક્ષણ જેનામાં દેખાય તો સમજી લેવું કે તે મૂર્ખ લાગે છે.

હવે તે મૂર્ખનાં લક્ષણો - ગુણોનો પરિચય લઈએ.

**૧. નિશ્ચિંત :** મૂર્ખ માનવને કોઈ પણ પ્રકારની ચિંતા હોતી નથી. તે હંમેશા નિશ્ચિંત હોય છે. જેને જીવનમાં કાંઈ મેળવવાની - પામવાની - આગળ વધવાની વિચારણા જ ન હોય તેને ચિંતા શેની હોય ? કોઈ ઉદ્દેશ્ય - ટાર્ગેટ જ ન હોય - લક્ષ્ય જ નક્કી કર્યું ન હોય તે ચિંતા શા માટે કરે ? હા, બાળક પણ નિશ્ચિંત હોય છે પરંતુ તેનું કારણ જુદું છે. હજી તેની પ્રજ્ઞા જ વિચારણા માટે વિકસી નથી. તેનો કોઈ ગૉલ નક્કી નથી. તેથી નિશ્ચિંત હોય છે. તેની ઊંઘ પણ વધારે હોય છે. ગાઢ ઊંઘના કારણે તેને સ્વપ્ન પણ ન આવે તે સ્વાભાવિક છે. હા, તેનો સમય રમત - ગમતમાં અને ખાવા - પીવામાં વધુ વ્યતીત થાય છે. બાકીનો સમય ઊંઘમાં જાય છે. બાળસહજ-સ્વભાવ એની ચેષ્ટા હોય છે.

મૂર્ખ માણસનું મગજ જ ન ચાલતું હોય તો ચિંતા શું કરે ? ચિંતા કરવા માટે સાધન છે : મન, કોઈ પણ કાર્યની જવાબદારી જેવું કાંઈ જ ન હોય તો ચિંતા ક્યાંથી હોય ? રસોઈ બનાવવાની, પૈસા કમાવવાની, યોગ્ય સમયે તે તે કાર્યો કરવાની, સામાયિક - પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરવાની, ભણવાની, જીવનમાં - વ્યવહારમાં આગળ વધવાની.... આવી કે લગ્નાદિ કરવાની પણ ચિંતા તેને હોતી નથી. ટૂંકમાં કહીએ તો કોઈ પણ કાર્યની જવાબદારી, કાર્યના સમયની વિચારણા - જવાબદારી જેવું તેને હોતું જ નથી. સામાન્યથી ફકીરને અને મૂર્ખને ફીકર - ચિંતા હોતી નથી.

**૨. બહુ ભોજન :** ખૂબ ખાનારો. ચિંતા જ ન હોય તો ખોરાક સારો જ લઈ શકે. શરીરને કોઈ શ્રમ ન હોય, માનસિક પીડા ન હોય, વચનની શક્તિનો ઉપયોગ પોતાની ઈચ્છા પ્રમાણે થતો હોય... પછી ભૂખ સારી લાગે જ. ભૂખ ન લાગવા દેનારાં કોઈ તત્ત્વો જ હાજર ન હોય તો ભોજન પૂરતા પ્રમાણમાં લઈ શકે. વળી, મૂર્ખને અખાદ્ય - ખાદ્ય, પેય - અપેય, ભક્ષ્ય - અભક્ષ્ય જેવો ભેદ જ



નથી હોતો. એટલે રાત હોય કે દિવસ ; ગમે ત્યારે, ગમે તેટલું ખાવાનું મળે...બેફીકર થઈને ખાતો હોય છે. એને ખાવા - પીવાની બાબતમાં કોઈ જ રોક - ટોક હોતી નથી, કોઈ રોક - ટોક કરે તો તે સાંભળતો કે ગણકારતોય નથી. મોટે ભાગે મૂર્ખ માણસ સાથે કોઈ ચર્ચા કરતું પણ નથી. કારણ, તેની સાથે ચર્ચા કરનારો જ મૂર્ખમાં ખપે છે. મૂરખને જ્ઞાન આપવાથી તેના જ્ઞાનમાં વધારો તો ન જ થાય... તેને સલાહ પણ ન અપાય. સલાહ આપવા જાય તો સજ્જન - ડાહ્યા માણસને જ નુકશાન થાય. સુઘરી અને વાંદરાની વાર્તા આ વિષયમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. તેથી તેનું વિવરણ કરવાની જરૂર નથી. મૂર્ખ માનવનું શરીર ચિંતા વગરનું હોવાના કારણે લષ્ટ-પુષ્ટ હોય છે, તેથી તેનો ખોરાક પણ સારો હોય છે. ચિંતા ન હોવાથી ભૂખ પણ વધારે જ લાગે એ સ્વાભાવિક છે.

**૩. અતિમૂખર** - ખૂબ બોલવાવાળો. મૂર્ખને વિચારવાનું ન હોય. જેમ ચાલે તેમ બોલ્યા જ કરે. તેથી વચન ઉપર કોઈ લગામ હોતી નથી. યોગ્ય - અયોગ્ય વચન - વાણી જેનો ભેદ તે સમજતો નથી. મૂર્ખ માણસ અજ્ઞાન હોવાના કારણે, જ્ઞાનના અભાવે વિચારવા માટે તેનું મન કામ કરતું હોતું નથી. જેમ ફાવે તેમ વર્તવું, જેમ આવે તેમ બોલવું - બકવું... એ તેનો સ્વભાવ થઈ ગયો હોય છે. તેને આમ કરતાં રોકી પણ ન શકાય. રોકનારાનું અપમાન કરતાંય તેને કોઈ વિચાર ન આવે. મૂર્ખને વિવેક જેવી ચીજ હોતી નથી. વિવેકી જીવોને વાણી ઉપર લગામ હોય છે. તેઓ હંમેશા વિચારીને, વિવેક જાળવીને ભાષાનો પ્રયોગ કરે છે. સત્યાસત્યનો, યોગ્યા - યોગ્યનો, લાભ - નુકશાનનો, ગૌરવ - લાઘવનો વિચાર કરીને પછી જ વચનનો ઉચ્ચાર કરે છે. બુદ્ધિશાળી માનવ બોલતાં પહેલાં તેનાં પરિણામ સુધીની વિચારણા કરે છે. સામી વ્યક્તિ પર એની સારી-માઠી શું અસર થશે તે નક્કી કરે છે. મૂર્ખને આવી કોઈ જ વિચારણાની પડી હોતી નથી.

સજ્જનોને નીતિ - નિયમો કે બંધનો હોય છે. મૂર્ખને કોઈ બંધન કે લગામ ક્યાં હોય છે. આવા બેલગામ જીવો સામે કોર્ટમાં કેસ પણ કરાતો નથી. કેસ કરનારો મૂર્ખમાં ખપે છે. મૂર્ખની સાથે શાણો માણસ કે વકીલ - જજ જેવા કોઈ ચર્ચા કે પ્રશ્નોત્તરી કરતા નથી. ગાંડા - પાગલને હજી ડાહ્યો બનાવાય... પરંતુ મૂર્ખને જ્ઞાની ન બનાવી શકાય.

**૪. રાત્રિ - દિવસ સ્વપ્નમાં જ રાચનારો** - શેખચલ્લી જેવા નકામા, શક્ય ન હોય તેવા વિચારોમાં તે મૂર્ખ માણસો અટવાયેલા રહેતા હોય છે. સ્વપ્નના મહેલોમાં જ તેઓ હંમેશા રહેતા - રમતા હોય છે. જ્ઞાનીને મન સંભવિત - અસંભવિત જેવા ભેદો હોય છે. અજ્ઞાની કે મૂર્ખને આવા કોઈ જ ભેદ નથી હોતા. હા, જ્ઞાનીની જેમ અજ્ઞાની જીવોનું મગજ કાર્યરત તો હોય જ છે. પરંતુ જ્ઞાનીઓ એના ફળની - પરિણામની વિચારણા કરતા હોય છે. અયોગ્ય વિચારણાઓ પર

બ્રેક મારતા હોય છે. સ્વપ્ન પર ક્યારેય બ્રેક ન વાગે તેમ સ્વપ્નમાં રાચતા મૂર્ખ જીવોને તો બ્રેકનો સવાલ ક્યાંથી આવે ? આ મૂર્ખ જીવોને રાત્રેય સ્વપ્ન ચાલું હોય અને દિવસેય સ્વપ્નો ચાલું હોય. સામાન્ય માનવીને ઊંઘમાં જ સ્વપ્નો આવે. આ મૂર્ખ જીવોને તો ઊંઘમાં કરતાંય જાગતાં વધારે સ્વપ્નો આવે છે. સ્વપ્નની દુનિયામાંથી તેઓ ક્યારેય બહાર નીકળી જ નથી શકતા ! વળી, એ સ્વપ્નોમાંથી કેટલાં સ્વપ્ન પૂરાં થાય એ તો પ્રશ્નાર્થ જ રહેવાનો.

હવામાં મહેલ બાંધવા જેવાં, આકાશનાં પુષ્પો જેવાં, પત્થર પર ફૂલ ઉગાડવાં જેવા, મોટા-મોટા દેશોના રાજા બની જવાનાં, રોટલી - ભાખરીનાં ઠેકાણાં ન હોય ત્યાં ૩૨ પકવાન્ન વગેરેનાં ભોજન કરવાનાં, આકાશમાં ઊડવાનાં, સમુદ્રમાં તરવાનાં, પૈસાનુંય ગજું ન હોય ને કરોડો રૂપીઆના વ્યવહારનાં, મોટાં માથાં સાથે બાથ ભીડવાનાં, સાયકલ ચલાવતાં ન આવડતી હોય ને પ્લેન - યાન ચલાવવાનાં.... આવાં આવાં વિવિધ સંભવિત - અસંભવિત (મોટે ભાગે તેનાથી તો અસંભવિત) સ્વપ્નામાં જ તેઓ રાચતા હોય છે.

**૫. કાર્યાકાર્યની વિચારણામાં અંધ અને બધિર :-** કાર્ય - અકાર્યનો વિચાર કરવામાં આંધળા ને બહેરા આ મૂર્ખજનો હોય છે. આંખ ને કાન હોવા છતાં અહીં તેને આંધળા અને બહેરા કહેવાનું કારણ વિચારો. કારણ એ છે કે આંખ અને કાન હોવા છતાં યોગ્ય - અયોગ્યતાનો વિવેક કરાવનાર આંખનો ઉપયોગ ન કરનાર, કોઈ સાચી સલાહ આપવા જાય તો તેની વાત નહીં સાંભળનારા, એ સજ્જનોની વાત કાને જ નહિ ધરનારા. આવા જીવોને બહેરા અને આંધળા જ કહેવા પડે ને ? આંધળા - બહેરા કહ્યા હોવાથી બાકીની ઈન્દ્રિયો માટે પણ સમજી લેવાનું. મતલબ એ થયો કે, ઈન્દ્રિયો હોવા છતાં તે તે ઈન્દ્રિયોની ગેરહાજરી અથવા ખોડ - ખાંપણ હોય તેવું વર્તન કરનારા, જેમ કે છતી આંખે આંધળા, છતાં કાને બહેરા, નાક હોવા છતાં નક્કટા, જીભ હોવા છતાં બોબડા, સ્પર્શનેન્દ્રિય(ચામડી) હોવા છતાં પણ તે ઈન્દ્રિય જ ન હોય તેવું વર્તન કરનારા, મન હોવા છતાં અસંજ્ઞી (મન વગરના - વિચારશક્તિ વિકલ) હોય તેવું વર્તનારા... આવા આ મૂર્ખજનો હોય છે.

અહીં વિચારણા શબ્દ માત્ર મન માટે જ નથી લેવાનો. કાર્ય - અકાર્યમાં પ્રવૃત્તિ - નિવૃત્તિ કરાવનાર જે જે ઈન્દ્રિયો વગેરે હોય તે તમામને ગ્રહણ કરવાનાં છે.

આંધળો જોયા વગર ચાલે તો ગમે ત્યાં અથડાય - ભટકાય.... પોતાના શરીર વગેરેને નુકશાન થાય તેમ આ મૂર્ખ જીવ પણ આંધળાની જેમ આંખ હોવા છતાં તેનો ઉપયોગ કર્યા વગર ચાલવાને કારણે ગમે ત્યાં (ગમે તેની સાથે) અથડાય - ભટકાય છે. કાન હોવા છતાં કોઈની સારી - સાચી - હિતકારી સલાહ સાંભળવા



- સ્વીકારવા તૈયાર ન હોવાથી તેને બહેરો ગણાવ્યો છે. બહેરાની જે હાલત થાય તેવી હાલત આ મૂર્ખની થાય છે. અલબત્ત, કાન વગરનો (બધિર) હોય તો તેના ઉપર કરુણા - દયા આવે પરંતુ કાન હોવા છતાં ન સાંભળે તો તેના પર ગુસ્સો આવે છે. આવું જ લગભગ મૂર્ખ માણસ પ્રત્યે થાય છે.

**૬. માનાપમાને સમાન :-** મતલબ, એને માન - સન્માન આપો કે તેનું હડહડતું અપમાન કરો... તેની વિચારણા કરવા માટે તેની પાસે સ્વસ્થ - તંદુરસ્ત મન ન હોવાના કારણે તેને કાંઈ ફરક પડતો નથી. મૂર્ખ - માનવના શરીરમાં અને વચનમાં તંદુરસ્તી જોવા મળશે, તેવી મનમાં નથી હોતી, હોય છે તે અવળામાર્ગે ચાલતી હોય છે. જો કે તેના મન - વચન - કાયાના ત્રણે યોગો માર્ગ કરતાં ઉન્માર્ગે જ વધારે જોડાયેલા હોય છે. માન - અપમાનના ભેદને સમજવા, જેવી પ્રજ્ઞા પણ તેની પાસે ક્યાં છે ? વળી, તેને માન - અપમાનથી કંઈ ફરક પડતો નથી. માન મળવાથી તેની કિંમત વધતી નથી. અપમાન થવાથી કિંમતમાં ઘટાડો થતો નથી. ક્યારેક તો અપમાનિત થાય ત્યારે આનંદિત થતોય જોવા મળે છે. આ પણ તેની અવિકસિત બુદ્ધિનો (મૂર્ખાઈનો) જ પ્રભાવ નથી લાગતો ?

માન - અપમાનમાં સમભાવ તો શ્રીજિનેશ્વરભગવાનની છદ્મસ્થાવસ્થામાં, જૈન શાસનના મુનિભગંવતો વગેરેમાંય જોવા મળે છે.... પરંતુ તેમાં અને મૂર્ખની માનાપમાનમાં સમભાવની સ્થિતિમાં, મનના ભાવોમાં, ગણિતમાં ઘણો મોટો ફરક છે. શ્રમણ અવસ્થામાં રાગ - દ્વેષ કે કાષાયિક ભાવોથી બચવા માટે સમાનભાવ રાખી મારાં કર્મો ખપાવવાનો શ્રેષ્ઠ પ્રસંગ આવ્યો છે, ક્ષમા નામના ગુણને પ્રાપ્ત કરવાનો, વધારવાનો સુંદર મોકો મળ્યો છે. અપકારી ક્ષમા, ઉપકારી ક્ષમા, વચન ક્ષમા, વિપાક ક્ષમા અને લોકોતર (ધર્મોત્તરા) ક્ષમાના ભાવથી સમભાવ કેળવવાનું ગણિત મનમાં રાખીને સામી વ્યક્તિ પર રાગ - દ્વેષ કરતા નથી. વળી, હું કષાય (રાગ-દ્વેષ) કરીશ તો તે સામેનો જીવ વધુ કષાયો કરશે... એમાં નિમિત્ત હું બનીશ તો મને પણ કર્મનો બંધ થશે... આવા ભાવોય ક્ષમા માટે જવાબદાર છે. આવું ગણિત કે આવા ભાવો મૂર્ખ - માણસને હોતા નથી.

ક્યારેક સામી વ્યક્તિ બળવાન હોય તો પણ માન - અપમાન ગળી જવાની પ્રક્રિયા જોવા મળે છે પરંતુ તેમાં માન - અપમાન પામતી વ્યક્તિના હૃદયમાં તો કલુષિતભાવ જાગે છે. તેનાથી ક્લિષ્ટ કર્મો બંધાય છે.

મૂર્ખને મૂર્ખ કહેવા પાછળ તેની અજ્ઞાનતા - બુદ્ધિનો અવિકાસ જ મુખ્ય છે. સામાન્ય બુદ્ધિવાળાને પણ ક્યારેક ગુસ્સે ભરાયેલી વ્યક્તિ મૂર્ખ કહીને સંબોધન કરે છે. એમાં માત્ર તે પ્રસંગ પૂરતી જ મૂર્ખાઈ જણાતાં આવો શબ્દ વપરાય છે. એવું કહેવાથી એનામાં સુધારો થતો જોવાય મળે છે. બાકી વાસ્તવિક મૂર્ખને સો વાર કે હજાર વાર મૂર્ખ કહીને સંબોધો કે અપમાનિત કરો....કાંઈ જ ફરક પડતો

નથી !

**૭. રોગરહિત શરીર :** મૂર્ખ માટે ભાગે હૃષ્ટ - પુષ્ટ હોય છે. તેના શરીરમાં લગભગ રોગોની હાજરી જોવા મળતી નથી. સંસારની ગાડી પુણ્ય - પાપ : બંનેથી ચાલે છે, ગમે તે ગતિ - જાતિમાંય પુણ્યના યોગે કેટલીક સારી ચીજોય જોવા મળશે. કેટલાક કૂતરા કે જાનવરના ભવમાંય કેવી સગવડ ભોગવે છે ? તેની સેવા - ચાકરી કે સંભાળ કેવી થાય છે ? કેટલાક કૂતરા વગેરે મોંઘી ગાડીમાં ફરતા, સારામાં સારા ખાન-પાન મેળવતા, ઊંચા સાબુ - શેમ્પુ દ્વારા સ્નાનાદિ કરાવાતા જોવા મળે છે ! આ પુણ્યનો ઉદય નથી શું ? તેમાં મૂર્ખ - માનવને રોગરહિત દેહ મળે એ એક પ્રકારનું પુણ્ય છે ! ઘરના મેમ્બરો કે વડીલોની ન થાય એવી સેવા-સંભાળ કૂતરા વગેરેની થતી જોવા મળે જ છે ને ?

પાપ સાથે પુણ્યનો અને પુણ્ય સાથે પાપનો ઉદય જોવા મળે એમાં કાંઈ આશ્ચર્ય નથી. વિશિષ્ટ પુણ્યના ઉદયવાળા શ્રીતીર્થંકરભગવંતોનેય શ્રમણજીવન દરમ્યાન ઉપસર્ગો આવ્યા ને સહન કર્યા તે શું પાપનો ઉદય નથી ? બાકી એ જગત્પતિના અતિશયવંત પુણ્યની તોલે આવે એવી કોઈ વ્યક્તિ કે વિભૂતિ દુનિયામાં જોવા મળે ખરી ? ના, ન જ મળે.

ગાંડા - મૂર્ખ માનવને મોટે ભાગે જીભની (રસનેન્દ્રિયની) ગુલામી ન હોવાના કારણે ભૂખ પ્રમાણે - જરૂર પ્રમાણે આહાર વગેરે લેતો હોય છે. પેટની સામે જોઈને પેટને પૂછીને ખાનારો મોટે ભાગે રોગનો ભોગ નથી બનતો. જ્યારે જીભનો ગુલામ અર્થાત્ જીભના કહેવા પ્રમાણે ખાનારો જલદી રોગોથી ઘેરાય છે.માનવનું મન ને જીભ મોટે ભાગે કુપથ્ય તરફ વધુ આકર્ષિત થાય છે. તે આકર્ષણ કાં રોગને નિમંત્રણ આપે છે, કાં રોગમાં વધારો કરે છે. ખાવાનો (જીભ ને મનનો) આનંદ રોગની પીડામાં પરિણમે છે. પછી દવા કરવા છતાં પીડામુક્ત થઈ શકતો નથી. જીવનભર પરેશાન થાય છે ને પસ્તાય છે. મૂર્ખ માનવ મનમોજી જરૂર હોય છે પણ અપેક્ષાએ મનનો ગુલામ નથી હોતો. ઈન્દ્રિયોને પરાધીન નથી હોતો.

**૮. દૃઢ શરીરવાળોઃ** - આઠમા ને છેલ્લા નંબરના લક્ષણમાં જણાવે છે તે દૃઢ શરીરવાળો હોય છે. તેનું શરીર ભરાવદાર - કદાવર જોવા મળે છે.

ગાંડા માનવો, મૂર્ખ માણસોની તંદુરસ્તી મોટે ભાગે સારી હોય છે. ભોજન ખૂબ સારી રીતે લેતો હોય, રોગની હાજરી ન હોય, ચિંતાને જીવનમાં સ્થાન ન હોય, જવાબદારી જેવી ચીજ ન હોય, કોઈ રોક - ટોક ન હોય, માન - અપમાનને ગણતો ન હોય, અધિ - ઉપાધિનું નામ - નિશાન ન હોય પછી ખાઈ - પીને તગડો થાય એ સ્વાભાવિક છે. હા, તેનામાં તાકાત કેટલી હોય તે સવાલ જુદો છે. શારીરિક શક્તિ શરીરની સ્થૂલતામાં હોય છે એવું નથી. સ્થૂલ કરતાં સ્લીમ બૉડીમાં ઘણીવાર તાકાત વધારે હોય એવું જોવા મળે છે. શરીરને તે પ્રમાણે કેળવ્યું હોય તો



પતલી કાયામાંય શક્તિ વધારે હોઈ શકે છે. સ્થૂલ શરીર માત્ર ખોરાકથી વધે તેમાં એટલી તાકાત ન હોય. માત્ર ચરબી વધે એ શક્તિની નિશાની નથી. સ્થૂલ કાયાવાળો સહેલાઈથી ઊઠ- બેસ ન કરી શકે. ચાલવા - દોડવાની ક્રિયામાં શિથિલ સાબિત થાય છે.

મૂર્ખ માનવ પણ તે પ્રમાણે કેળવાયેલો હોય, શારીરિક વ્યાયામ કરતો હોય તો દૃઢશક્તિવાળો પણ બને છે. આવા માનવનો ખોરાક પણ વધુ હોય છે.આવા જીવો સાથે ક્યારેય હોડમાં ન ઊતરવું. હા, એક કહેવત એવી પણ છે : 'જાડા જોઈને ડરવું નહીં ને પતલા જોઈને લડવું નહીં' કારણ, માત્ર શરીરની સ્થૂલતા ડરાવવા સમર્થ નથી હોતી. સામે પક્ષે પતલું શરીર નિર્બળ હોય છે. એ ધારણાય ખોટી છે. સ્લીમ બોડી કે સ્થૂલબોડી : આ જ માપદંડ નથી. સાથે સાથે અન્ય ફેક્ટર (બાબતો) પણ વિચારણીય હોય છે. માત્ર દેહ - યષ્ટિને જોઈને કોઈપણ નિર્ણય પર ન આવી જવું.

મૂર્ખને ઓળખવા માટે આટલાં લક્ષણો કાફી છે.

૫

## ★ મૂર્ખનું કોઈ ઔષધ નથી ★★★

- **શ્રીધર્મમિત્ર**

**शक्यो वारयितुं जलेन हुतभूक् छत्रेण सूर्यातपो,**
**नागेन्द्रो निशिताङ्कुशेन समदो दण्डेन गोर्गर्दभौ ।**
**व्याधिभैषजसंग्रहैश्च विविधैमन्त्रप्रयोगैर्निषं,**
**सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधम् ।।**

આ શ્લોકમાં એમ જણાવ્યું છે કે - જગતના તમામ પ્રશ્નોનું નિરાકરણ શક્ય છે. આગ હોય કે નાગ હોય, ગરમી હોય કે ઠંડી હોય, ગાય હોય કે ગધેડો હોય, રોગ હોય કે ગમે તેવી જટીલ સમસ્યા હોય તેનું ઔષધ (ઉપાય) મળી શકે છે પરંતુ મૂર્ખને સુધારવાનું કોઈ જ ઔષધ જગતમાં વિદ્યમાન નથી. શાસ્ત્રકાર ભગવંતોએ - તે તે વસ્તુના જાણકારોએ ઘણા - ઘણા ઉપાયો બતાવ્યા છે, ઘણા - ઘણા મંત્રો વગેરેના પ્રયોગો બતાવ્યા છે કે - જેનાથી માર્ગ મળી જાય, આપત્તિમાંથી ઊગરી શકાય..

માનો કે આગ લાગી છે, અગ્નિનો ઉપદ્રવ થયો છે તો પાણીના માધ્યમથી તેને શાંત કરી શકાય છે. સૂર્ય અંગારા વરસાવી રહ્યો હોય, ઉષ્ણતામાન ૪૦-૪૫-૫૦ ડિગ્રીએ પહોંચી ગયું છે. તેનાથી માથું - શરીર શેકાય છે... તો છત્રી - છત્ર - છાપરું બનાવી બચી શકાય છે. હાથી બેકાબૂ બન્યો છે, કહ્યા પ્રમાણે ચાલતો

નથી... તો તીક્ષ્ણ અંકુશદ્વારા તેને કાબૂમાં લઈ શકાય છે, તેને નાથી શકાય છે. તે જ રીતે ગાય કે ગર્દભ (ગધેડો) તોફાને ચઢ્યા હોય, ગાંઠતા ન હોય... તો દંડ - લાકડીનો ઉપયોગ કરી એનું નિયંત્રણ થઈ શકે છે. અહીં ગાય - ગધેડાને લીધા છે પરંતુ તમામ જાનવર - પ્રાણી માટે સમજી લેવું. જેમ કે - ભેંસ - કૂતરું - સાંઢ - ઘોડો - ઊંટ - વાઘ - સિંહ જેવા જીવો હોય... બધાને અંકુશમાં રાખવાનાં સાધનો - ઉપાયો છે.

ગમે તેવા રોગ થયા હોય, શરીરમાં સોળ - સોળ રોગોએ ભરડો લીધો હોય તો એ માટે ધન્વંતરી જેવા વૈદ્યો પાસે યોગ્ય ઔષધ મળી શકે છે. ઔષધ કે ભેષજ કામ ન આવે તો તે માટે અનેક મંત્રો - મણિ વગેરે પણ છે, જેનાથી એની ચિકિત્સા થઈ શકે છે. પ્રાણિજ - ખનિજ - વનસ્પતિજન્ય કોઈપણ ઝેર શરીરમાં આવી ગયું હોય... વ્યાપ્ત થઈ ગયું હોય... તેનાથી મોત આવવાનું હોય... તો વિવિધમંત્રો - પ્રયોગો શાસ્ત્રનાં પાનાંઓમાં મળી શકે છે. ઝેર ઉતારનારા માંત્રિકો મળી શકે છે. જેમ કે - સાપનું ઝેર ચઢ્યું હોય તો મંત્ર વગેરે દ્વારા એને ડંખમાં લાવીને ચૂસીને થૂંકી નાખનારાય મળે છે. તેનાથી ઝેર નાબૂદ થઈ જાય છે. કેટલાક માંત્રિકો રાખ વગેરે લઈ, ડંખના સ્થાને લગાવી, મંત્ર બોલતાં બોલતાં હાથ ફેરવે છે ને ઝેર ઉતારે છે.

એક ગામમાં એક ભાઈ રહેતા. તેમની ઝેર ઊતારવાની રીત અનોખી હતી. કોઈપણ વ્યક્તિને - કોઈપણ ગામમાં ઝેર ચઢ્યું હોય તો તેને માંત્રિક પાસે લઈ જવાની કે માત્રિકે ત્યાં જવાની જરૂર નહીં : કોઈને સાપ વગેરેનું ઝેર ચઢ્યું છે, સાપ - વીંછી કરડેલ છે. આટલા સમાચાર આપવાના. સમાચાર લાવનારને પેલા માંત્રિક ભાઈ સીધી થપ્પડ લગાવી દેતા ! આશ્ચર્યની વાત એ છે કે આ ભાઈને થપ્પડ - લાફો વાગતાં જ અન્ય ઠેકાણે રહેલા ભાઈ - બેન વગેરેનું ઝેર ઊતરી જતું ! એકવાર લાફો ખાનારે ફરિયાદ - ઝઘડો કરતાં આ ભાઈએ આ વિધિ બંધ કરી દીધી. ભારતદેશમાં આવા મંત્રવાદી વગેરેનો સુકાળ હતો, હજી છે. કેટલાક મંત્રવાદીઓ તો યોગ્ય પાત્ર ન મળવાના કારણે એ મંત્ર - વિદ્યાદિ કોઈને આપ્યા વગર પરલોક સિધાવ્યા. મતલબ, એ મંત્રાદિ સાથે જ લઈ ગયા. પાત્રતા વગર આ વસ્તુ ન અપાય. આપવામાં આવે તો લાભની જગ્યાએ નુકશાન થાય. લોભી માણસને પણ આવી વસ્તુ ન અપાય. પૈસાનો લોભ મંત્રાદિના પ્રભાવને નષ્ટ કરી નાખે છે. નિર્લોભી - નિસ્પૃહી માણસો જ મંત્ર - વિદ્યા સાધી શકે. તેઓ જ એનો પ્રભાવ દેખાડી શકે. કારણ, મંત્રાદિ સાથે તેની ભાવના પણ કામ કરે છે.

મૂર્ખ માણસ ક્યારેય સજ્જન માણસની વાત સાંભળવા કે સ્વીકારવા તૈયાર હોતો નથી. મૂર્ખ પોતાની જાતને જ હોંશિયાર - ડાહ્યો માને છે. તે કારણથી સામી



વ્યક્તિ તેને મૂર્ખ લાગે છે. પોતાને મૂર્ખ કહેનારને જ તે મૂર્ખ ગણે છે. સામી વ્યક્તિ ડાહી છે કે શાણી; તેની જ ખબર ન પડે તો તેનું ઔષધ કોણ કરે ? રોગી માનવ પોતાને નીરોગી માનતો હોય... તે કારણે દવા જ ન લે... તો તે ક્યારેય નીરોગી ન જ થઈ શકે - એ સ્વાભાવિક છે. તે જ રીતે મૂર્ખ પોતાની જાતને મૂર્ખ માનતો ન હોય તો તેની મૂર્ખાઈ ક્યાંથી જાય ? તે ડાહ્યો કઈ રીતે બની શકે ?

દોષને કાઢવા માટે દોષનો પરિચય થવો જોઈએ. મારામાં આ દોષ છે - એનો સ્વીકાર થવો જોઈએ. એ પછી એના ઉપાય માટે પુરુષાર્થ થવો જોઈએ. મૂર્ખ આ ત્રણમાંથી એકેય વાતનો સ્વીકાર કરવા તૈયાર હોતો નથી, માટે જ મૂર્ખની મૂર્ખાઈ કાઢવાનો કોઈ ઉપાય કારગત થતો નથી. શાસ્ત્રકાર તો આગળ વધીને એમ પણ જણાવે છે કે - મૂર્ખને સમજાવનારો જ મૂર્ખ સાબિત થાય છે. કારણ, એમાં વાસ્તવિક જે મૂર્ખ છે તેણે કંઈ ગુમાવવાનું હોતું નથી. માત્ર ડાહ્યા - સજ્જન માનવને જ ગુમાવાનું આવે છે. એમાં સજ્જનને જ નુકશાન થાય છે. સજ્ઝાયકાર મૂર્ખની સજ્ઝાયમાં લખે છે - 'મૂરખને જ્ઞાન કદી નવ થાય... કહેતાં પોતાનું પણ જાય...' કડવી તુંબડીને ગમે તેટલો સમય ગંગામાં ડૂબાડી રાખો, સાકરના પાણીમાં રાખો.... એની કડવાશ ન જ જાય...! મૂર્ખ માટે પણ શાસ્ત્રકાર ભગવંત એ જ વાત જણાવે છે. એને ગમે તે વાતાવરણમાં, ગમે તેટલો સમય રાખો એની મૂર્ખાઈમાં તસુભાર ફરક ન જ પડે, હા, બીજાને એનો ચેપ લાગી શકે છે. મૂર્ખના સંગથી સજ્જનની છાપ બગડે છે. સજ્જનની સજ્જનતાને ઝાંખપ લાગે છે. મૂર્ખની મૂર્ખાઈમાં કાંઈ જ ઓટ આવતી નથી.

મહાન બનવાની ભાવનાવાળાએ ક્યારેય મૂર્ખની સોબત ન કરવી ; એમ નીતિસૂત્ર કહે છે. નીતિકાર અનુભવની વાતો નીતિરૂપે જણાવતા હોય છે. સર્પ ઝેર વગરનો હોય તોય તેનો વિશ્વાસ તો ન જ કરાય ને ? મૂર્ખનો સંગ પણ આવો જ અહિતકર ગણાય, તેનો ભરોસો ન જ કરાય. બીજી રીતે કહીએ તો મૂર્ખ માનવ ચેપી રોગ જેવો છે. જેમ કેટલાક રોગ ચેપી ગણાય છે. એવો રોગ જેને થયો હોય તેવા રોગી પાસે ન રહેવાય. રહેવું જ પડે તો ઘણી સાવધાની રાખવી પડે. આવા રોગોમાં રક્તપિત્ત, ક્ષયરોગ વગેરે ગણાય છે. મૂર્ખ પણ ચેપી રોગવાળો ગણાય છે, તેથી તેની સોબત ન કરાય. ચેપી રોગવાળાની સોબત કરનારો, તેની પાસે વસનારો તે તે ચેપીરોગનો ભોગ બને છે - તેમ મૂર્ખની સાથે રહેનારો, વસનારો પણ મૂર્ખતાના ચેપથી ગ્રસ્ત બને છે. શરીરના ચેપી રોગથી બચવાના ઘણા ઉપાયો હશે. રોગ થયા પછી મટાડવાનાં ઔષધ પણ મળશે પરંતુ ચેપી એવા મૂર્ખની મૂર્ખતાનો દુનિયામાં કોઈ જ ઉપાય - ઈલાજ નથી.

શસ્ત્રના ગમે તેવા ઘા વાગ્યા હોય તો તેનો રુઝવવાના ઉપાયો મળી શકે છે પરંતુ મૂર્ખતાને કાઢવાના કે મિટાવવાના ઉપાયો મળતા નથી. હા, હજી ગાંડાને

ડાહ્યા બનાવવાના ઉપાયો છે. તે માટેની હોસ્પિટલો પણ છે. તેમાં સફળતાય મળે છે... પરંતુ મૂર્ખને સુધારીને શાણા બનાવવાના માર્ગો શોધ્યાય જડતા નથી !

આ બધું જાણ્યા પછી મૂર્ખની મૂર્ખાઈનો ચેપ ન લાગે તે રીતે તેનાથી દૂર રહેવું, તેનાથી બચવું... એ જ આપણા ભલા માટે છે : એમાં જ આપણું હિત છે. જ્ઞાની અને અનુભવીઓની આવી કલ્યાણકારી સલાહનો સ્વીકાર - અમલ કરી શ્રેયના માર્ગે આગળ વધો; એ જ મંગલ કામના. ધ

## ★ આ અંકની લઘુકથા ★★★

**- પૂ.આ.ભ.શ્રીમદ્વિજય ભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

તત્ત્વજ્ઞાન સર્વભોગ્ય નથી. દ્રવ્ય - ગુણ - પર્યાયની (દ્રવ્યાનુયોગની) વાતો આબાલ યોગ્ય નથી. ગણિતાનુયોગના કે ચરણકરણાનુયોગના પદાર્થો સર્વગ્રાહ્ય ભલે ન હોય... કથાનુયોગ સર્વગ્રાહ્ય છે. કથાના માધ્યમથી જટિલ વાતો પણ સહેલાઈથી સામી વ્યક્તિના માથામાં ઉતારી શકાય છે. તેથી જ તત્ત્વજ્ઞાનની અને એવી જ અન્ય વાતો, ધર્મ - કર્મના સિદ્ધાંતો, આસ્તિક્યાદિ ભાવોને પેદા કરનાર તે તે પદાર્થોને મસ્તિષ્કમાં ઉતારવા - સ્થિર કરવા નાનાં નાનાં કથાનકોને અહીં સ્થાન અપાય છે. નિઃસત્ત્વ બનેલા માનવને આ કથાઓ સાત્ત્વિક બનાવે છે. ધર્મ માટે નિષ્પ્રાણ બનેલા જીવોને પ્રાણવંતા બનાવવાનું કાર્ય પણ આ કથાનકો સહેલાઈથી કરી શકે છે. કથાનકોના માધ્યમથી ગહન વાતો પીરસાતી હોવાથી કંટાળો આવવાને બદલે રસ જળવાઈ રહે છે. કથાના પ્રવાહમાં વાચક વહેતો જાય છે. સાથે કંઈક ને કંઈક પામતો જાય છે, વાર્તા ક્યારેક નાની લાગતી હોય છે. પ્રસંગ ભલે સાવ સામાન્ય લાગતો હોય, તેમાંય ઘણું જાણવા જેવું.... સમજવા - ગ્રહણ કરવા જેવું હોય છે. દરેક પ્રસંગમાં કંઈક તો બોધ હોય જ છે, માત્ર આપણને શોધતાં આવડવું જોઈએ. આવો જ એક બોધદાયક પ્રસંગ વાંચો. કહેવાનો આશય - મર્મ ન સમજે તો લાભની જગ્યાએ નુકશાન થાય છે. પરિણામ વિપરીત આવે છે.

એક શેઠે પોતાના દુકાનના નોકરને 'દુકાનનાં દ્વાર જોજે' આવી સૂચના કરી શેઠ ઘરે ગયા. નોકર આ કહેવાનો ભાવ (તાત્પર્ય) ન સમજ્યો. એ નોકરને પોતાના ઘરે જવાની ઉતાવળ હતી. નોકરે તો દુકાનનાં બારણાં કાઢી લીધાં. લઈને ખભે ઊંચકી પોતાના ઘરે પહોંચી ગયો. દરવાજાનું ધ્યાન રાખવા લાગ્યો. દુકાન ખુલ્લી.... અંદર કોઈ જ નહીં.... માલ ભરપૂર હતો. ચોરોને જાણ થતાં જ તેઓ ચોરી કરવા પહોંચી ગયા. દુકાનમાં ચોરી થઈ.

શેઠ નોકર પર ગિન્નાયા, ગુસ્સે થયા. નોકરને પૂછ્યું : આમ કેમ ? ચોરી કઈ રીતે થઈ ? દરવાજા ક્યાં ગયા ? નોકર કહે : આપના સૂચના મુજબ બારણાં -



દ્વાર જોયા કરું છું. શેઠ કહે : મૂરખ ! આટલું ભાન નથી ? દ્વાર જોવાનું કહ્યું એટલે શું ? દુકાનમાંથી કોઈ કાંઈ લઈ ન જાય, ચોરી ન થાય તે માટે ધ્યાન રાખવાનું, બારણાં કાઢીને લઈ જવાનાં ન હોય. બારણાં કાઢી નાખવાથી તો ચોરો માટે રસ્તો મોકળો થઈ ગયો. તાળાં - બારણાં તોડવાની જરૂર જ ન રહીં. સીધો માલ જ ઉઠાવીને ચાલવા માંડવાનું !

એક વાર કાપડની ગાંસડી ચામડાથી લપેટી - બાંધી. સૂચના કરી - ચામડામાં પાણી ન જાય તેનું ધ્યાન રાખજે. નોકરે ચામડું ન પલડે... ચામડામાં પાણી ન જાય... તે માટે કાપડનો તાકો ચામડામાંથી બહાર કાઢ્યો. ચામડું અંદર રાખી કાપડ એના ઉપર લપેટી દીધું... જેથી ચામડામાં પાણી ન જાય... હવે બોલો શેઠની સૂચનાનો મર્મ નોકર સમજ્યો ખરો ? આમ કરવાથી કાપડની સુરક્ષાનો આશય - હેતુ ન સમજવાના કારણે નુકશાન થયું. વરસાદથી કાપડ ભીંજાઈ ગયું. ખરાબ થઈ ગયું. ફેંકી દેવાનો વારો આવ્યો.

આ જ રીતે જ્ઞાની ભગવંતો કહે છે : 'ધર્મ કરો, સુખી થશો.' આમાં ભૌતિકસુખની વાત નથી. ક્ષણિક સુખની વાત નથી.... પરંતુ આશય ન સમજવાના કારણે ભૌતિક સાધનો માટે ધર્મ કરે છે. કોના ભોગે કોને સાચવવો ; તે ન સમજે તો શું થાય ? પરિણામ નેગેટીવ જ મળે. લાભની જગ્યાએ નુકશાન થાય. ભૌતિક સુખના આશયથી જ ધર્મ કરવા જાય તો સુખ ન જ મળે. દુઃખ જ પ્રાપ્ત થાય. દુઃખની પરંપરા જ ખડકાય. 'ધર્મ કરો, સુખી થશો.' આ વાક્ય આત્મિક સુખના આશયથી લખાય - બોલાય છે. આ પવિત્ર આશય સમજવા માટે બુદ્ધિને કામે લગાડો.

મોટા ભાગના જીવો આશય - હેતુ - મર્મ - ભાવ પકડ્યા વગર માત્ર શબ્દો જ પકડીને ચાલતા હોય છે. તેથી જ ધર્મ ઉપરની શ્રદ્ધા ડગી જાય છે. કોઈ પણ વાક્યના શબ્દો ન પકડતાં... તેના શબ્દાર્થ - વાક્યાર્થ - મહાવાક્યાર્થ અને ઐદંપર્ય સુધી પહોંચવું જોઈએ. સમ્યગ્દર્શનના માધ્યમથી સમ્યગ્જ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે તો ચોક્કસ લાભ થાય જ. વિષયો - કષાયો કે સંજ્ઞાઓના માધ્યમથી ઉપયોગ થાય તો પરિણામ ઊંધું જ આવે, નુકશાન જ થાય. આવા સંજોગોમાં વાંક જ્ઞાનીઓના વાક્યનો, હિતકર વચનોનો નહિ, પરંતુ તે વાક્યથી ભાવિત થવા માટે આશયનું જ્ઞાન ન મેળવ્યું અથવા આશય સમજવાનો પ્રયત્ન જ ન કર્યો હોય; તે આશય પ્રમાણે પુરુષાર્થ ન કર્યો તો ફળ ન જ મળે. જ્ઞાનીઓની વાત તો સો ટચના સોના જેવી, એકાંતે લાભદાયી જ હોય છે.

ઉપરનો શેઠ - નોકરનો પ્રસંગ સાવ જ નાનો છે. એમાં રહસ્ય ખૂબ છે. એના મર્મને પકડવાની વાત અહીં વિચારવાની છે : દરેકનો આશય સમજી આત્મકલ્યાણના માર્ગે સૌ આગળ વધે ; એ જ મંગલકામના. ધ

## ★ અનુમોદનાનું અમૃતથાળ ★★★

- સંકલન

પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાં તથા પૂ.સા.શ્રીભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ દક્ષિણ ભારતમાં વિચરી રહ્યા છે. બેંગલોર જલદી પહોંચવાની ભાવનાથી હુબલીમાં ચૈત્રમાસની શાશ્વતીઓળી માટે આગ્રહ ભરી વિનંતિ હોવા છતાં વિહાર આગળ લંબાવ્યો.

અનેક - ગામ - નગરોમાં વિહાર કરતા પૂજ્યશ્રીએ તા.૨૫-૫-૧૯ ના શુભદિવસે બેંગલોરમાં નગર પ્રવેશ કર્યો. તે સમયે બસવેશ્વરનગરવાળા ઘણાં પુણ્યશાળી ભાઈ - બહેનો શુકન - ગહુંલી સાથે પધાર્યા હતા. અક્ષતથી વધાવી 'પધારો' ની વિનંતિ કરી. ત્યારબાદ તા. ૨૬ - ૨૭ : બે દિવસ સામૈયા સાથે બસવેશ્વરનગર પધાર્યા. સકલ સંઘની નવકારશી હેમલતાબેન દિનેશભાઈ તરફથી કરાવાઈ. બંને દિવસ પ્રવચનો થયાં. તે પછી બેંગલોરનાં વિવિધ જિનાલયોનાં દર્શન માટે અલગ - અલગ એરિયામાં વિચર્યા. કેટલાંક ઉપાશ્રયોમાં પ્રવચનો થયાં. પ્રવચનોથી ખૂબ આકર્ષણ ઊભું થયું. દક્ષિણમાં તત્ત્વની વાતો કરનારા, શાસ્ત્રના પાઠો સાથે સચોટ રજૂઆત કરનારા ગુરુભગવંતો જૂજ જ આવતા હોય છે. તત્ત્વજિજ્ઞાસુઓ આત્માઓ તો હજી પણ છે જ.

લગભગ ૬૦ - ૬૫ જિનાલયોનાં દર્શન કરી અ.સુ.૨ ના પૂ. આ.ભ.શ્રીમદ્વિજયચન્દ્રભૂષણસૂરીશ્વરજી મહારાજાના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે માધવનગર પધાર્યા. ત્યાં લગભગ ચાર દિવસ સ્થિરતા કરી. ત્યારબાદ વિજયનગર - રામજીનગર ૨ - ૨ દિવસ સ્થિરતા કરી... પ્રવચનો થયાં. અ.સુ.૧૦ તા.૧૧-૭-૧૯ ગુરુવારે રાજાજીનગરથી પૂજ્યશ્રીનો ; પ્રભુજીના પ્રવેશ સાથે ચાતુર્માસ પ્રવેશ થયો. તે સમયે પૂ.આ.ભ.શ્રીમદ્વિજયચન્દ્રભૂષણસૂરીશ્વરજી મ. પણ પધાર્યા હતા. ગુજરાત - મહારાષ્ટ્ર તથા કર્ણાટકના ઘણા ભાગ્યશાળીઓ પધાર્યા હતા.લગભગ દોઢ કિ.મી. રાજમાર્ગો પર સામૈયું ફર્યું. ઘણે ઠેકાણે અક્ષત- ગહુંલી - કુંભ - શુકન વગેરેથી વધાવ્યા. વિમલનાથ જિનાલયમાં પોંખણા પૂર્વક પ્રભુ પ્રવેશ કરાવી, ગુરુભગવંતો દર્શનાદિ કરી પ્રવચન પીઠ પર પધાર્યા. સ્વાગતગીત આદિ થયા બાદ ગુરુપૂજન - કામળી વહોરાવવાના ચઢાવા થયા. બહારગામથી પધારેલા ટ્રસ્ટીઓનું બહુમાન કરવામાં આવ્યું. બંને આચાર્ય ભગવંતોનાં પ્રવચનો થયાં. અંતે રૂ ૫૦ નું સંઘપૂજન થયું. સર્વમંમગલ બાદ સંઘ સાધર્મિક વાત્સલ્ય થયું.



આજના પ્રવેશોત્સવનો સંપૂર્ણ લાભ નીચેના ૧૨ ભાગ્યશાળીઓએ લીધો હતો. આમંત્રણપત્રિકામાં લિ.નો લાભ રમેશચન્દજી નરપતજી સોલંકીએ લીધો હતો. ભગવાનને લઈ બગીમાં બેસવાનો લાભ શ્રીમતી બનારસીબેન નિર્મળકુમાર કોઠારીએ લીધો હતો.

સાધર્મિકભક્તિ સહ પ્રવેશોત્સવના લાભાર્થી : ૧. શ્રીમતી કાંતાબેન ધીરજલાલ મહેતા, ૨. શ્રીમતી જીવીબેન કાલીદાસ નગરિયા, ૩. શ્રીમતી મુક્તાબેન દેવચંદ સાવલા, ૪. શ્રીમતી પ્રભાબેન બાબુલાલ શાહ, ૫. શ્રીનેમિચંદજી સરેમલજી બોહરા, ૬. શ્રીમતી બદામીબેન સાંકળચંદજી પરવારી, ૭. અ.સૌ. વર્ષાબેન સુરેશભાઈ અજમેરા, ૮. અ.સૌ. પૂર્વીબેન પીયૂષભાઈ સંઘવી ૯. શ્રીમતી મોતીબેન ઝવેરચંદ ગલૈયા ૧૦. શ્રીમતી અમૃતબેન પ્રેમચંદ વોરા.૧૧. અ.સૌ. નિર્મળાબેન રજનીકાંત ફોફરિયા ૧૨. એક સાધર્મિકભાઈ

અ.સુ.૧૧ થી સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ નિયમિત પ્રવચનો ચાલું છે. અ.સુ.૧૪ (ચોમાસી ચૌદસ) ના દિવસે 'શ્રાદ્ધવિધિગ્રંથ' વહોરાવવા વગેરેની ઉછામણી બોલાશે. વ.૨ થી ગ્રંથ વાંચનની તથા અદુઃખદર્શીતપની સમૂહમાં મંગલ શરૂઆત થશે. પ્રત્યેક વર્ષે ચાતુર્માસ ન થતું હોવાથી ધર્મની - ધર્મક્રિયાની, ક્રિયા - વિધિની જાણકારીનો અભાવ છે, તેથી સામાન્ય શ્રાવકના જીવનને લગતી (કર્તવ્યોની) માહિતી મળી જાય, ક્રિયા શુદ્ધ અને વિધિપૂર્વક થાય તો વિશેષ આનંદ - કર્મનિર્જરાદિનો લાભ થાય એ આશયથી આ ગ્રંથ પસંદ કરવામાં આવ્યો. શ્રોતાઓ સારો રસ લઈ રહ્યા છે. તત્ત્વોની વાતો શુષ્ક હોવા છતાં ભાષા - શૈલી રોચક-રસાળ હોવાથી, દાખલા - દલીલ સાથે પદાર્થનો બોધ કરાવવાના કારણે શ્રોતાઓના ગળે શીરાની જેમ ઊતરી જાય છે. રસ જળવાય છે. પ્રવચનો હિંદીમાં અપાય છે. પૂ.સા.શ્રી ભદ્રિકાશ્રીજી મ. આદિ ઠા.૪ બહેનોને આરાધના કરાવે છે.

### ચાતુર્માસ સ્થળ :

**SHREE VIMALNATH JAIN MANDIR**
8, 4th Main Road, Rajajinagar Industrial Town,
West Chord Road, Maruti Suzuki Motors, Banglor - 560044
**સંપર્ક : હિતેશ** - 9429022022, 9426026253
Wattsap - 6351020790, Dineshbhai - 9449007043
Chhaganbhai - 9341236197

ધ

# સન્મિત્રનું લક્ષણ

**पापान्निवारयति योजयते हिताय,**

**गूह्यं निगूहति गुणान् प्रगटीकरोति ।**

**आपद्गतं च न जहाति ददाति काले,**

**सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ।।**

જે પાપ કરતાં રોકે - અટકાવે, હિતકારી કાર્યોમાં જોડે, પ્રગટ કરવા જેવી ન હોય તેવી વાતને ગોપવે, ગુણોને પ્રગટ કરે, આપત્તિમાં પણ ન છોડે અને યોગ્ય સમયે ધન વગેરે આપી સહાય કરે; તે જ સાચો મિત્ર છે; એમ સજ્જન પુરુષો - સંતો જણાવે છે.